ગ્રંથમાલિકા 'આચારધર્મ' : અલંકાર - ખંડ ૧

# અલંકારશાસ્ત્ર (ભાગ ૧)

# અલંકારોનું મહત્ત્વ

**(Science of Ornaments (Part 1) – Gujarati)**

---

## ગ્રંથનું મનોગત

છવારની સાડી, કપાળ પર ચાંલ્લો અને સાથે અલંકારોનો શણગાર, આ હિંદુ નારીની પારંપારિક ઓળખાણ છે. અલંકાર આ તો હિંદુ સંસ્કૃતિનો અમૂલ્ય એવો વારસો છે. આ વારસો ગત ઘણી પેઢીઓથી ગૌરવશાળી રીતે જતન કરવામાં આવ્યો. જેમ જેમ કાળ પલટાતો ગયો, તેમ તેમ હિંદુ સંસ્કૃતિ પર પશ્ચિમી સંસ્કૃતિનાં પડ જામી ગયા. અલંકારરૂપી વારસા ભણી દુર્લક્ષ થવા લાગ્યું. 'ફૅશન'ના નામ હેઠળ આજકાલ સ્ત્રીઓ બંગડી પહેરતી નથી અને ચાંલ્લાને સ્થાને બિંદી (ટીકલી) લગાડે છે. કેટલીક મહિલાઓને બંગડી, નથણી, જોટલાં જેવા અલંકાર પરિધાન કરવા એટલે, પ્રતિગામીપણું લાગે છે ! તે સિવાય ઘણા જણામાં 'અલંકાર એટલે ઐશ્વર્યનું પ્રદર્શન કરનારી વસ્તુઓ' આવો ભૂલભરેલો ભૌતિકવાદી દૃષ્ટિકોણ પણ રૂઢ થયો છે. 'અલંકાર એટલે દૈવી કૃપા સંપાદિત થવા માટે સહાયતા કરનારી વસ્તુ', આ અધ્યાત્મશાસ્ત્રીય દૃષ્ટિકોણ અંકિત કરવા માટે આ ગ્રંથમાલિકાનું પ્રયોજન કર્યું છે.

અલંકાર પરિધાન કરવાથી ઈશ્વરી શક્તિ અને ચૈતન્ય મળે છે, શરીરમાં રહેલી કાળી (અનિષ્ટ) શક્તિમાં ઘટાડો થાય છે, અનિષ્ટ શક્તિઓનાં આક્રમણો સામે રક્ષણ થાય છે, અલંકાર પરિધાન કરેલા ભાગો પર 'બિંદુદાબન (ઍક્યુપ્રેશર)' ઉપાય થાય છે... એના જેવાં અલંકારોના મહત્ત્વ અને લાભના અનેક પાસાંઓ આ ગ્રંથમાં શાસ્ત્ર સાથે સ્પષ્ટ કર્યા છે. વિવિધ ધાતુઓમાંથી ઘડેલા અલંકારોની તુલના; સ્ત્રીઓ, પુરુષો અને નાનાં બાળકોના અલંકાર; અલંકારોની શુદ્ધિ ઇત્યાદિ વિશે શાસ્ત્રીય વિવેચન પણ એમાં આપ્યું છે. અલંકાર પરિધાન કર્યા પછી સૂક્ષ્મમાંથી નક્કી શું પ્રક્રિયા થવા પામે છે, આ બાબત સર્વસામાન્ય વ્યક્તિને સમજાતી નથી. તે સમજવાની ક્ષમતા ધરાવતા સનાતનનાં સાધકોએ કરેલાં 'સૂક્ષ્મ-પરીક્ષણો' અને દોરેલાં 'સૂક્ષ્મ-જ્ઞાન વિશેના ચિત્રો', આ બાબતો સદર ગ્રંથની અનેરી વિશિષ્ટતાઓ છે. સોનાનો અછોડો, સોનાની વીંટી, સાત્ત્વિક અને આસુરી અલંકાર ઇત્યાદિના સંદર્ભમાં સાધકોએ કરેલા 'સૂક્ષ્મમાંના પ્રયોગ' અલંકારો ભણીનો આધ્યાત્મિક દૃષ્ટિકોણ કેવો હોવો જોઈએ, એ શીખવે છે.

અલંકારોનો અધ્યાત્મશાસ્ત્રીય લાભ થવા માટે સર્વ અલંકાર પરિધાન કરવાનું આવશ્યક હોતું નથી, પણ પોતાની આર્થિક સ્થિતિ અનુસાર ધર્મશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે આવશ્યક તેટલા જ અલંકાર પરિધાન કરીએ તો પણ ચાલે; કારણકે 'અલંકારો કેટલાં અને કયા' એના કરતાં 'અલંકાર પરિધાન કરવા પાછળનો ભાવ' મહત્ત્વનો છે. જેમને સોનાનાં ઘરેણા પહેરવાનું શક્ય નથી, તેમણે સોનાનો ઢોળ ચડાવેલા અથવા ચાંદીના અલંકાર અથવા તેવો એકાદ અલંકાર પરિધાન કરવો. ઈશ્વરપ્રાપ્તિ માટેની એકત્રિત સાધનાની દૃષ્ટિએ નામજપ, સત્સેવા ઇત્યાદિ સાધનાના પ્રકાર દ્વારા થનારાં લાભની તુલનામાં અલંકારોને કારણે થનારો લાભ ઘણો ઓછા છે. એવું ભલે હોય, છતાં સાધના ન કરનારા અથવા પ્રાથમિક અવસ્થાના સાધકોને સાત્ત્વિકતા વધારવાની દૃષ્ટિએ અલંકાર એ વરદાનરૂપ સિદ્ધ થાય છે.

આ ગ્રંથ વાંચીને અલંકાર ભણી જોવાનો આધ્યાત્મિક દૃષ્ટિકોણ સહુકોઈમાં નિર્માણ થાય અને અલંકારરૂપી અમૂલ્ય વારસો પ્રદાન કરનારી હિંદુ ધર્મની મહાનતા ધ્યાનમાં આવે, એ શ્રી ગુરુચરણોમાં પ્રાર્થના ! - સંકલક

---

# અનુક્રમણિકા

[કેટલાક વિશિષ્ટતાપૂર્ણ સૂત્રો (મુદ્દાઓ) '*' ચિહ્નથી દર્શાવ્યાં છે.]


૧. 'અલંકાર' શબ્દની વ્યુત્પત્તિ અને અર્થ ૧૭

* 'અલંકાર' અર્થાત્ ઈશ્વરના તેજરૂપી સગુણત્વનું લેણું

૨. અલંકારના કેટલાક સમાનાર્થી શબ્દ ૧૭

૩. અલંકારોની નિર્મિતિ ૧૭

૪. ઈશ્વરી ગુણ એટલે સૂક્ષ્મમાં રહેલા અલંકાર ૧૮

* સૂક્ષ્મના અલંકારોને લીધે શરીરના ચક્રોને ઉર્જાનો પુરવઠો મળવો ૧૮

૫. વૈરાગ્યરૂપી અલંકાર (બ્રહ્મદર્શક ગુણસ્વરૂપી અલંકારિતા) ૨૦

૬. બ્રહ્માંડનો અલંકાર : શિવધ્યાન ૨૧

૭. દેવતા, મનુષ્ય અને અલંકાર ૨૨

* કેટલાક અલંકાર, તેમાં રહેલું કાર્યરત તત્ત્વ અને સંબંધિત દેવતા૨૬

* દેવતાઓના અલંકાર અને તેમનો માનવીને થઈ શકનારો ઉપયોગ ૨૬

૮. યુગો અનુસાર અલંકારોમાં થતો ગયેલો ફેરફાર (બદલ) ૨૮

* યુગ અને દૈવી તેમજ આસુરી અલંકારોનું પ્રમાણ ૨૮

૯. અલંકારોની વિશિષ્ટતાઓ ૩૦

* અલંકાર એટલે જીવની પ્રકૃતિ અનુસાર કાર્ય કરીને તેને પૂર્ણત્વ ભણી જવાની શીખ આપનારું માયામાં રહેલું ઈશ્વરનું એક રૂપ ૩૦

૧૦. અલંકારોનો ઉપયોગ કરવા પાછળનો ઉદ્દેશ અને મહત્ત્વ ૩૧

* અલંકાર પરિધાન કરવાથી દેવતાઓની લહેરો ગ્રહણ કરવાનું સંભવ૩૩

* આરતી ઉતારતી વખતે અલંકાર પરિધાન કરવાનું મહત્ત્વ ૩૬

* દેવીને અર્પણ કરેલા અલંકાર પરિધાન કરવાથી તે અલંકારોમાં રહેલી દેવીની શક્તિ અને ચૈતન્ય મળવા ૩૬

* અલંકારોને લીધે અનિષ્ટ શક્તિઓ સામે રક્ષણ થવું ૪૧

૧૧. અલંકારના ધાતુ અને તેમાં જડવામાં આવેલા રત્નો ૫૦

* દાગીનામાં જડાવેલા રત્નોનો શરીર પર સારો પરિણામ થવો ૫૫
**'અલંકારશાસ્ત્ર' વિશેનું અધ્યાત્મશાસ્ત્રીય ગહન જ્ઞાન ૫૮**